રાજયની ચારેય કૃષિ યુનિવર્સિટીમાં વિવિધ સંવર્ગોમાં ફરજો બજાવતાં કર્મચારી/અધિકારીઓને અગ્રિમ ઈજાફા આપવા બાબત.

ગુજરાત સરકાર
કૃષિ અને સહકાર વિભાગ
સુધારા ઠરાવ ક્રમાંક : ગકવ/૧૪૨૦૧૦/૩૧૮૮/ક.૨
સચિવાલય, ગાંધીનગર
તારીખ : ૦૪/૦૯/૨૦૧૨

**સુધારા ઠરાવ :**

રાજયની ચારેય કૃષિ યુનિવર્સિટીમાં વિવિધ સંવર્ગોમાં ફરજો બજાવતાં કર્મચારી/અધિકારીઓને અગ્રિમ ઈજાફા આપવા બાબતની યોજના અંગેની સ્પષ્ટતા તા.૧૬/૭/૨૦૧૨ ના સરખા ક્રમાંકના ઠરાવથી કરવામાં આવેલી છે.સરકારશ્રીના ધ્યાનમાં આવેલ છે કે આ ઠરાવનું ઉદાર અર્થઘટન કરીને (Stretch કરીને) વધુમાં વધુ નાણાંકીય લાભ લઈ શકાય તેવી ચારેય કૃષિ યુનિવર્સિટીઓને મળેલ રજુઆતો અન્વયે યુનિવર્સિટીઓ દ્વારા પ્રતિકૂળ વહીવટી હુકમો કરવામાં આવે નહિ તે સંદર્ભમાં તા.૧૬/૭/૨૦૧૨ ના ઠરાવ અન્વયે વધુ સ્પષ્ટતા નીચે મુજબ કરવામાં આવે છે.

"આ વિભાગના તા.૧૬/૭/૨૦૧૨ ના ઠરાવ અન્વયે વધુ સ્પષ્ટતા કરતા જણાવવામાં આવે છે કે નાણાં વિભાગના તા.૨૬/૪/૨૦૦૦ ના ઠરાવ પહેલા કૃષિ યુનિવર્સિટીઓ હેઠળના શૈક્ષણિક સંવર્ગના જે ઉમેદવારોને પાંચમા પગારપંચના તા.૧/૧૦/૧૯૯૯ ના ઠરાવમાં કરેલ જોગવાઈઓ મુજબ અગ્રિમ ઈજાફા આપવામાં આવેલ હોય તે ચાલુ રાખવાના રહે છે અને ભવિષ્યમાં પણ તેની અસર ચાલુ રહેશે પરંતુ જે કિસ્સામાં તા.૨૬/૪/૨૦૦૦ બાદ શરત ચુકથી અથવા ઠરાવનું ખોટું અર્થઘટન કરીને અગ્રિમ ઈજાફા ચુકવાયેલ હોય તે તમામ કેસોમાં અગ્રિમ ઈજાફા પરત મેળવવાના રહેશે એટલે કે તા.૨૬/૪/૨૦૦૦ બાદ નિમણુંક પામેલ શૈક્ષણિક સંવર્ગ સહિતના કોઈ પણ અધિકારી/કર્મચારીઓને અગ્રિમ ઈજાફા મળવાપાત્ર થતા નથી."

ઉપરોકત સ્પષ્ટતા અન્વયે કરવાપાત્ર થતી કાર્યવાહી દિન–૧૫ માં આ વિભાગની જાણ હેઠળ પૂર્ણ કરવા પણ જણાવવામાં આવે છે અને ઠરાવના અર્થઘટન તેમજ નિયમોનુસારના અમલની તમામ જવાબદારી હિસાબી અધિકારી–વ–હિસાબ નિયામક તેમજ કુલસચિવની રહેશે.

ગુજરાતના રાજપાલશ્રીના હુકમથી અને તેમના નામે

( એસ.કે.પટેલ )
ઉપસચિવ
કૃષિ અને સહકાર વિભાગ

પ્રતિ,

- કુલસચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ.
- કુલસચિવશ્રી, જુનાગઢ કૃષિ યુનિવર્સિટી, જુનાગઢ.

- કુલસચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી.
- કુલસચિવશ્રી, સરદારકૃષિનગર-દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર-દાંતીવાડા.
- નાણાં વિભાગ,'ચ' શાખા,સચિવાલય,ગાંધીનગર
- સહ પ્રાધ્યાપકશ્રી, રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરિષદ,કૃષિભવન,સેકટર-૧૦-એ, ગાંધીનગર.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, ગાંધીનગર.
- સર્વે સહાયક નિરીક્ષકશ્રીઓ, સર્વે જિલ્લા સહાયક નિરીક્ષકશ્રીઓની કચેરીઓ.
- સર્વે માન્ય કર્મચારી / અધિકારીઓના મંડળો (મારફત સંબંધિત કૃષિ યુનિવર્સિટી)
- સેકશન અધિકારીશ્રી(આઇ.ટી.), કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સીસ્ટમ મેનેજરશ્રી(આઇ.ટી.), કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (સદર પરિપત્રની નકલ વિભાગની વેબ સાઈટ ઉપર મૂકવા વિનંતી છે)
- સીલેકટ ફાઈલ.
- શાખા કલેકશન, ક-૨ શાખા, કૃષિ અને સહકાર વિભાગ.

જા.નં. નકૃયુ/ રજી/ એડીએમ.૧.૧./૧૭૧૭૮–૨૨૭/ ૨૦૧૨
નવસારી, તા. ૦૪ .૦૯.૨૦૧૨

**કુલસચિવ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી.**

**।૧। અત્રેની યુનિવર્સિટીના તમામ ડીન / અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ ઘટતું થવા સારુ.**
**।૨। અત્રેની યુનિવર્સિટીના તમામ યુનિટ / સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ ઘટતું થવા સારુ.**